Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જનમનરંજન રસનાથકી, પામે જે પ્રતિભાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯મું. શક ૧૮૧૫ કાર્તિક શુદિ ૧૫ સંવત ૧૯૫૦ અંક ૮ મો.

## महेश्वरदत्त.

તામ્રલિપ્તપુરીમાં પૂર્ણ લક્ષ્મીવંત મહેશ્વરદત્ત નામનો સાર્થપતિ રહેતો. સમુદ્ર નામનો તેનો પ્રખ્યાત પિતા સમુદ્રને જેમ વારીથી તૃપ્તી નથી તેમ વિત્તથી તૃપ્તિ રહિત હતો. ઘણી માયા અને પ્રપંચવાળી બહુલા નામની તેની માતા હતી, તે જાણે અર્થની માતાજ હોયની તેમ ઉદાર અંતઃકરણ વિનાની હતી.

હવે લોભ રૂપી ઉકરડાના ખાડા સમાન અને અર્થ સંચય કરવામાં વ્યસની તેનો પિતા મરણ પામીને ત્યાંજ–તે શેહેરમાંજ પાડા રૂપે ઉત્પન્ન થયો. પતિના મરણથી આર્તધ્યાન રૂપી અનલમાં પતંગની માફક પડીને તેની માતા ત્યાંજ–તેના ઘર પાસેજ શુનિ રૂપે અવતરી.

મહેશ્વરની ગાંગીલા નામની ભાર્યા શિવને પાર્વતીની જેમ સૌભાગ્યની જન્મભૂમી હતી. તે સાસુ સસરાથી રહિત ગૃહમાં એકાકી વસતી હતી તેથી અરણ્યમાં હરિણીની માફક સ્વચ્છંદ ચારિણી થઈ ગઈ. પતિને ઠગીને પર પુરૂષ સાથે રમવા લાગી. " એકાકી સ્ત્રીઓનું સતીત્વ નિષ્કલંક કેવી રીતે રહી શકે ! યોષિતાઓને એકાકિ તેમજ એકાંતમાં રહેતી દેખીને કામદેવ નિઃશંક પણે તેને નિર્ભર પ્રહાર કરે છે. " નિરંકુશ પણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાર પુરૂષ સાથે રમતાં એક દિવસે અકસ્માત્ મહેશ્વર બાર ગામથી ઘરમાં આવ્યો. કેશ જેના વિખરાઈ ગયા હતા, સંભોગના શ્રમથી જેના નેત્ર મુકુલ થઈ ગયા હતા, અને જંઘાઓ જેની કંપતી હતી એવા તે પુંશ્ચલિ અને ઉપપતિ તેને દેખીને ઉદ્ભ્રાન્ત લોચનવાળા થઈ ગયા ! વાઘને આવતો જોઈ જેમ તેમ ગ્રહણ કર્યાં ! ઉત્તરીય વસ્ત્ર ગ્રહણ કરવાનું ભૂલી ગયા ! લજ્જા પાત્ર થઈ ગયા ! પાદ કંપવાના પામવા લાગ્યા ! અને કઈ દિશામાં જવું તેનો વિચાર કરતા મુંઝાવા લાગ્યા !

મહેશ્વરે શિકારી જેમ પક્ષીને પકડે તેમ તે જાર પુરૂષને કેશથી પકડ્યો. મંત્ર વાદી ભૂત ભરાયલાને મારે તેમ ગોળ વડે પ્રહાર કર્યો, કુંભાર મૃત્તિકાના પીંડનું મર્દન કરે તેમ પાદના આઘાતવડે તેને ચૂર્ણ નાંખ્યો. ઘરમાં પેઠેલા શ્વાનની જેમ જેટિકાથી માર્યો. વધારે શું કહેવું ! મહેશ્વરે તેને અધમુઓ કરી મુક્યો ! " બીજા પુરૂષોને જાર ઉપર જેવો કોપ થાય છે તેવો ચોર ઉપર પણ નથી થતો. " જાણે કૃતાંતનો બંધુ હોયની તેમ કુપિત થયેલા મહેશ્વરે અધમુઓ કરી મુકેલો જાર નાશીને કાંઈક જતો હતો થોડેક ગયા પછી તે પડી ગયો. પ્રાણકંઠ સુધી આવી ગયા અને વિચારવા લાગ્યો " મૃત્યુ પ્રચ્છનારા મને ધિક્કાર હો ! કે મેં નિંદવા યોગ્ય કર્મ કર્યું ! મનોરથ આપનાર તીર્થની માફક આ કર્મ મને મૃત્યુ આપનાર થયું તે યુક્તજ છે "

આ પ્રમાણે વિચાર કરતાં તે જાર મરણ પામ્યો અને પોતે ભોગવેલા ગાંગીલાની કુક્ષિએ પોતાનાજ વીર્યમાં પુત્ર પણે ઉત્પન્ન થયો ! સમય પૂર્ણ થયે ગાંગિલાએ પુત્રને જન્મ આપ્યો. પુત્ર જન્મથી ઉત્સવ થયો ત્યાં પણ પોતાથી ઉત્પન્ન થયેલો માનીને મહેશ્વર તેનું લાલન કરવા લાગ્યો. પુત્ર પ્રસવેલી ગાંગિલાનો પુંશ્ચલિ દોષ પુત્ર પ્રેમમાં લીન ભુલી ગયો.

પુત્ર રૂપે ઉત્પન્ન થયેલા ઉપપતિના જીવનું ઘાતી કર્મ કરતો પ્રમોદ ભજનારો થઈ લજ્જા ન પામ્યો. બુદ્ધિ પામતા અને દાઢી મુછ ઉગતા બાળક રૂપી મનને અર્થની માફક હૃદય આગળ ધારણ કરવા લાગ્યો.

અન્યદા પિતાનો મરણ દિવસ પ્રાપ્ત થયે પિતાના જીવ તે પાડાને માંસની ઇચ્છાથી વેચાતો લીધો. પિતાની મરણ તીથીનું પર્વ હોવાથી રોમાંકુર વિકસ્વર થયા, અને પાડાને માર્યો. પછી માંસના કોળીઆ કરતો મહેશ્વર હર્ષિત થઈ અંકમાં રહેલા બાળકને પણ ખવ.

For Private And Personal Use Only

રાખવા લાગ્યો. તેજ સમયે માતા રૂપ ઉત્પન્ન થએલી શુની માંસની ઈચ્છાથી ત્યાં આવી પહોંચી તેને પણ માંસ સહિત અસ્થિખંડ ફેંક્યા. પત્નીથી હણાએલા પ્રેમની શિખાના અગ્ર ભાગમાં પુત્રને નચાવતો એને સ્વકીય પતિના છાતા અસ્થિ ચાટવા લાગી, એવામાં કોઈએક વિહારી માસક્ષમણ મુનિ આવી પહોંચ્યા. જ્ઞાનાતિશય સંપન્ન મુનિ મહેશ્વરદત્તના સર્વ તાદ્રશ્ય વિલાસ જાણી ગયા અને વિચારવા લાગ્યા “ અહો આ જ્ઞાન રહિત કિંવ પુરૂષને ધિક્કાર હો ! આ પિતાનું માંસ ભક્ષણ કરેછે અને અંકમાં શત્રુને લાલન કરે છે. વળી આ શુનિ અત્યંત હર્ષિત થઈ પતિના માંસ સહિત અસ્થિનું ભક્ષણ કરે છે ! અહો ! સંસાર આવા પ્રકારનો વિચિત્ર છે. ” આ પ્રમાણે વિચારી મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા. મહેશ્વર પાછળ દોડ્યો. વંદના કરીને અને બોલ્યો “ ભગવન્ ભિક્ષા ગ્રહણ કર્યા વગર અને મારા ગૃહથી કેમ નિકળી ગયા છો ! હું અપરાધી નથી મેં અવજ્ઞા કરી નથી હું તો હર્ષિત થયો છું ”

મુનિ—માંસ ભક્ષણ કરનારા ગૃહમાં હું વિહાર કરતો નથી. વળી તારા ઘરમાં બનેલા બનાવને જાણીને—જોઈને હું મહાન્ સંવેગ પામ્યો છું તેથી ભિક્ષા ગ્રહણ નહીં કરૂં. મહેશ્વરે કારણ પૂછ્યું એટલે મુનિએ પાડા અને શુની વગેરેની કથા કહી સંભળાવી.

મહેશ્વર—એની ખાત્રી શી !

મુનિ—તું આ શુનિને પૂછ કે પૂર્વે તેં ક્યાંઈ ધન દાટયું છે ! તે પ્રમાણે પૂછવાથી શરમાએલી શુનિ જાતિ સ્મરણથી પૃથ્વી ખોદી તેમજ પગ વડે નિધાન સ્થાન ખોદવા લાગી. ખાત્રી થયા પછી મહેશ્વરે ભવ સમુદ્રથી ઉદ્વિગ્ન મનવાળો થઈ પોતાની સંપદા પાત્રને વિષે આપી દઈ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અનુક્રમે સદ્ગતિનો ભાજન થયો.

આ સંસારમાં પ્રાણી, સ્ત્રી અને પુત્રના મોહમાં લીન થઈ જાય છે અને કૃત્યાકૃત્યને ન સમજતાં નિરંતર અનેક પ્રકારના આરંભાદીવડે તેના પરિપાલનમાં પ્રવર્તે છે પરંતુ તેનું ખરૂં સ્વરૂપ વિચારતા નથી. ઉપરની કથા બહુજ સાર ગ્રહણ કરવા જેવી છે. પ્રથમતો જુઓ કે મહેશ્વરની પારાવાર પ્રીતિ છતાં ગાંગિલા કામદેવના પરવશપણાથી—પર પુરૂષ સાથે રમમાણ થઈ. સ્ત્રીના મોહમાં લીન થએલ મહેશ્વર પાછો તેના એ અપરાધને તદન ભુલી ગયો. જાર કર્મ કરનાર ગાંગીલાના ઉપપતિને મરણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશાની પ્રાપ્તિ થઇ. પિતાની મરણ તીથીને દિવસે તેના જીવનીજ અજ્ઞાન દશાવડે હત્યા કરી અને મહા મોહના પરવશપણાથી પોતાના પિતાના જીવનાજ માંસનું આસ્વાદન કરવા લાગ્યો અને પોતાની પ્રિયાના જારનો જીવ જે પુત્ર પણે ઉત્પન્ન થયો છે તેને સ્નેહવડે ખવરાવવા લાગ્યો. અન્યમતના શાસ્ત્રમાં કહ્યું છે કે—अपुत्रस्यगतिर्नास्ति—અપુત્રીયાની ગતિ થતી નથી. જુઓ આમાં પુત્રે શી ગતિ કરી ! માટે પુત્રની વાંચ્છા કરવી અને તેના મોહમાં લીન થઇ જવું તેમજ પુત્ર વડે ગતિ માનવી એ સઘળું મિથ્યા છે. વળી કામને પરવશ પ્રાણી સ્વસ્ત્રીમાં અને પર સ્ત્રીમાં રક્ત થઇ જાય છે. પરંતુ જુઓ કર્મની વીચીત્રતા કે પોતાનીજ ભોગવેલી સ્ત્રીના ઉદરમાં પોતેજ ઉત્પન્ન થયો. જેને સ્ત્રી રૂપ માનતો હતો તેજ માતા થઈ. આવી સંસારની વિચિત્રતા છે. તેથી ઉત્તમ જનોએ તેનાથી ઉદ્વેગ પામીને તેમાં ખુંચી ન જતાં જેમ બને તેમ ન્યારા રહેવું અને ન્યારા થવા પ્રયત્ન કરવો એજ ખરૂં કર્તવ્ય છે.

---

# चरचापत्र.

## શ્રી જૈનધર્મ પ્રકાશના મેહેરબાન અધિપતિ સાહેબ.

આપના બહોળો ફેલાવો પામેલા અને અમૂલ્ય ચોપાનીઆમાં આ નીચે લખેલું થોડુંક લખાણ દાખલ કરીને મને ઉપકૃત કરશો. આપની પાસે ઘણા વિષયો આવતા અંકને માટે હશે પરંતુ આ બાબત ઘણી અગત્યની છે તેમજ એવી ઝાપાઝાપી થવાથી કજેતી થવાની ધાસ્તી રહે છે માટે તેમ થયા પહેલાં આ મારા નબળા લખાણ સાથે આપનો જબરો અવાજ બહાર પડવાની જરૂર છે એમ આપ પણ વિચારશો અને તરતને માટે આ લખાણને જગા આપશો.

હાલમાં મુંબઇના શેઠીઆઓ ઉપર—અને કદાચ પરગામના શેઠીઆઓ ઉપર પણ હશે. ચોકસ વિદ્વાન સાધુ કે જેમને માટે આપના ચોપાનીઆને અને કદાચ શ્રી જૈનધર્મ પ્રસારક સભાને વારંવારની મદદ માટે આભારી થવાનું કારણ છે તેઓ પત્રદ્વારા છાપેલ લખાણ મોકલી ચોકસ બાબતો પર થએલા ગુમખા જાહેરમાં લાવવા મન ચુકે છે. મોટા શેઠીઆઓ અને ધર્મના શુભેચ્છકો સારી સલાહ આપશે એમ ધારીએ પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઠેકાણે સવાલ એ છે કે–સાધુઓએ આવી આવી રીતના વખાણને યા અપવાદને જરા પણ વજન આપવા જોઇએ કે શું ? નારે ! જે વિદ્વાન સંવેગી સાધુજીઓને આપણે આટલું બધું માન આપતા આવ્યા છીએ તેઓને આપણે શું ચોક્કસ બીજા વર્ગના સાધુઓને માન આપીએ છીએ તે પદ્ધતિ પર લાવીશું. જેઓનો ઉપદેશ, આપણે ચાહતા હતા તેઓ આપણા ઉપદેશાર્થે પત્ર લખે છે તે શાને માટે ? પોતાની કાંઇક અપકીર્તિ થઇ હોય એમ માનવાને કારણ મળ્યાથી તે દૂર કરવાને સારૂ પત્ર વ્યવહાર છાપવાને માટે. અથવા અન્ય મતિઓને અને સંવેગી વર્ગના દુશ્મનોને પોતાની નબળાઇ બતાવી તે લોકમાં હાંસી કરાવવાને માટે !! આપણો આ જૈનધર્મ ! જેની છાયામાં હાલ આગાઉ કરતા થોડા માણસો છે અને તે પણ વળી વિદ્યાહીન થતા જાય છે. તેમાં અનેક તડાં પડી ગયાં છે તે તડાંમાંના એક 'શ્રાવક' નામના તડામાં જેમાં આપણ સર્વ છીએ અને જેમાં આ સાધુજીઓ પ્રવર્તે છે. તેમાંના વિદ્યાહીન થએલાઓને ઉપદેશ આપવાને બદલે આપસ આપસમાં કુસંપ કરી પોતાનું કુલ ભૂલી જઇ એવા સાધુજીઓ એક ખરાબ દાખલો બેસાડે છે. અધિપતિ સાહેબ ! આ કાળમાં જે થોડા ઘણા ગુણ રહ્યા છે તેને લૌકિક લોકો તેવા ગુણીને માન આપે છે એમ સર્વ કબુલ કરશે તો પછી એવા થોડા ગુણી જનો શા માટે પરોપકાર બુદ્ધિ નથી રાખતા ? અમારી જેવા અલ્પ બુદ્ધિઓને શા માટે સદુપદેશ દેવામાં પ્રયત્ન નથી કરતા ? પોતાનું ભલું એટલે પોતાની આબરૂ જણાવવાના મોટા લોભ માટે શા સારૂ વખત ગુમાવે છે ? અને ન છાજે એવા વિચારો મનમાં લાવે છે ? પર ધર્મનો કોઇ માણસ આપણા ધર્મની યા સાધુ શ્રાવકની નિંદા કરતો હોય તો તેવાને પોતાપણું જણાવવાની જરૂર છે પરંતુ આપસ આપસમાંજ આ સ્થિતિ !! તેમાં વળી ઉપદેશકોમાંજ !! આ વિચાર મનમાં આવે છે ત્યારે શૂન્ય મૂન્ય બની જાઉં છું. મોટા વિદ્વાન પુરૂષોએ નાનાઓના ગુન્હા માફ કરી સદુપદેશ દઇ તેની થએલી ભૂલ સુધારવાને પોતાથી બનતો પ્રયત્ન કરવો જોઇએ. તેમ નાના વિદ્વાનોએ પોતાથી બનેલો અપરાધ સુધારવો જોઇએ અને કદી મોટા વિદ્વાનની ભૂલ નાની નજરમાં આવતી હોય તો તેને દૂર કરવાને એ વાત નજર વિનાગી દેવી જોઇએ. પરંતુ તેને માટે પત્ર વ્યવહાર ચલાવવા અને પાછળથી તે છપાવવાને વિચાર બતાવવો એ સાધુજીઓને તેમજ અમારી જેવા અલ્પ બુદ્ધિના ઉપદેશકોને છાજતું નથી. જૈનો જે વ્યાપા-

For Private And Personal Use Only

રીતી આંટીને કોઇના અસાર લખાણથી ધક્કો લાગ્યો હોય અર્થાત્ દુઃખી આપણી અંધ શ્રદ્ધા ગઇ હોય તેવાને જણાવું છું કે ગુરૂ મહારાજાઓ તો પોતાના ફરજમાં નિમગ્ન રહી જ્ઞાનમાં વધારો કરી આપણને આ ભવસાગર-માંથી તરવાના ઉપાયો બતાવવા જોઇએ જેથી તેમનું નાનું કે મોટું કોઇ પ્રકારનું તોફાન જેટલું કલંક પણ-જ્ઞાનરૂપી સૂર્યના ઉદયથી અજ્ઞાન રૂપી તિમિર જેમ નાશે અને ટકાઉ બને તેમ ટકાઉ રહેશે. માટે હે ભાઇઓ અને બ્હેનો ! જેમનાથી આપ આ ભવસાગરથી તરવાની આશા રાખીએ છીએ તેવા સજ્જનો શાંતિ વગેરે કોઇ તરેહના સુંદર વ્ય-હાર માટે આપને તેવી આશાથી દૂર કરશો. એક નિશાળના હેડમાસ્તર-માંજ જો માંહોમાંહે તકરાર થાય અને તે તકરાર પણ કુમળા મગજના બાળકોની દેખતાં થાય તો કહો તે બાળક ઉપર શું અસર થશે ? તેમ આપ અમારા શિક્ષકો છો તો તમો આવી વર્ત્તના મનોહર બ્હાર પાડી આપણા દુશ્મનોને નિંદાનું કારણ ન આપો. હું તદ્દન બાલક આપ જેવા મહા વિદ્વાનોને આવી રીતે ખુલ્લે ખુલ્લું પણ અંતઃકરણની લાગણીવાળું આટલું સખત લખાણ લખવાની હામ ભીડું છું તે આપની નિંદાને માટે નહીં, કોઇનો પક્ષ કરવાને પણ નહીં, તેમ સાંભળેલી બાબતોને બીલકુલ મનમાં લાવ્યા શિવાય, માત્ર નિખાલસ મનથી સંવેગી સાધુશ્રીઓનું માન જાળવવાની ખાતરજ લખ્યું છું. જેથી કદાચ આવેશને યોગે અનિષ્ટ સૂચક કાંઇ પણ લખાયું હોય તો તે માફ કરશો.

અધિપતિ સાહેબ ! આપના પત્રમાં આ ચરચાપત્રને જોઇએ તેટલી સ્થળ જગ્યા મળવાથી હું આપનો ઉપકૃત થઇશ. તેમજ આ નીચે આ બાબતના આપના વિચાર પણ જો આપના વાચક વર્ગને માટે પ્રગટ કર-શો તો વિશેષ કૃપા થશે.

મુ. મુંબઇ — શુભેચ્છક

---

## શ્રી મહાવીર સ્વામીના જન્મોત્સવને દિવસે થયેલ ચરચા સંબંધી ચરચાપત્ર.

આ બાબત શ્રી મુંબઇમાં શ્રી [illegible]વિજયજી નામના શ્રી ન-ગરમાંની એક શાળાના શ્રીપૂજ્ય [illegible] જાણી ન દેતા [illegible] એક-લા ઉભા અને સિદ્ધાંતના વાક્યથી એ વાત સિદ્ધ કરી આપનારને રૂ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૦) ઇનામના આપવા સુચવ્યું હતું. એજ બાબત ત્યાંના શ્રાવક બાબુ-શાહ ઈંદરશાએ શ્રી જંડીઆલે **મુનિ મહારાજશ્રી આત્મારામજી** ઉ-પર પત્ર લખેલો તેના ઉત્તરમાં તેઓ સાહેબે બે પત્રો લખીને ઉત્તર આપેલો છે તેની નકલ સર્વે જૈનબંધુઓને વિદીત થવા માટે **આ નીચે** પ્રગટ ક-રવામાં આવે છે.

## પત્ર ૧ લો.

શ્રાવક પુણ્ય પ્રભાવક દેવગુરૂ ભક્તિકારક **શા. બાબુશા ઈંદરશા. શ્રીજૈન ફ્રી લાઇબ્રેરીના સંસ્થાપક. એગ્યલા. શ્રી જંડીઆલાથી આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મદ્વિજયાનંદ સુરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજજી આદિ સાધુ ૭ ના તરફથી ધર્મ લાભ વાંચજો.** પત્ર તમારો આવ્યો. વાંચી સર્વ સમાચાર જાણ્યા છે. અમે સાધુ સર્વ સુખ સાતામાં છે. **ધર્મ** ધ્યાન ક-રવામાં ઉદ્યમ રાખજો.

૧ તમોએ લખ્યું છે કે " **ચંદ્રસિંહસુરી** શ્રી ઉદેપુરના છે તેઓ અત્રે ચોમાસું શ્રી સંઘના આગ્રહથી રહેલા છે. " ઇત્યાદી—એ ચંદ્રસિંહસુ-રી કયા ગચ્છના છે તથા કોની પાટ ઉપર છે તે લખી જણાવજો ગચ્છ નું નામ તમારા કાગળથી સાફ માલમ પડતું નથી.

૨ તમે લખો છો કે " પ્રથમ થકી શ્રીપૂજ્યજીએ શ્રી સંઘને એ-વી સુચના કરી કે ' પર્યુષણ પર્વમાં શ્રી મહાવીર સ્વામીના ઉપચાર જ-ન્મ દિવસે નાળીએરની હિંસા કરવી તે શ્રાવક જનને ઘણી અઘટીત છે. આ અંધ પરંપરાનો અંધ માર્ગ છે. તેનો કોઈ આધાર ગ્રંથાદીકનો નથી. આગ્રહના હેતુ તે કેવળ અંધના કારણ છે. શ્રાવકોએ પર્યુષણ પર્વમાં ઘાં-ચી લોકોને, ભાડભુંજાઓને, કસાઇ લોકોને, તથા ધોબી વીગેરેને હિંસક કામોથી યથેચ્છ દ્રવ્ય આપીને બંધ કરવાનો રીવાજ છે તે શ્રાવકો પોતેજ એકેંદ્રી નાળીએરને ઉપાશ્રયના સ્થાનમાં પર્યુષણમાં ધર્મ માનીને ઉપદેશક-ની સમક્ષ ફોડે છે તે મિથ્યાત્વ કરણી ભાસે છે. પુનઃ એકેંદ્રિય પ્રાણિનો નાશ કરીને ધર્મ માને છે તે નિઃકારણ કર્મ બંધનું કારણ જણાય છે જુ-ઓ કે કાર્તિક પર્વમાં સચિત્ત વસ્તુનો ત્યાગ કરી લીલોતરી વિગરે ન ખાવી એવો શુદ્ધ પરંપરાનો રિવાજ ચાલતા છતાં એવી મિથ્યાત્વ કરણી પ્રગટ શુભ સ્થાને ( વ્યવહાર નહીં ) કરવી તે કેવળ કદાગ્રહીઓની વાત છે એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું ભાષણ શ્રીપૂજ્યજી મહારાજજીનું થઇ ચૂક્યું છે. "

૩ આ સંબંધમાં તમોએ અમારી સંમતિ માંગાવી છે તેથી અમને આ પત્ર લખવાની જરૂર પડી છે.

૪ પ્રથમ શ્રીપૂજ્યજીનું કહેવું એવું થયું કે " નાળીએરની હિંસા કરવી તે શ્રાવક જનોને અઘટીત છે. " અમારૂં કહેવુ એટલુંજ છે કે પર્યુષણપર્વમાંજ ઘણા આડંબરથી પુજન મહોત્સવાદીક દરરોજ કરતાં વિશેષ કરવાં, એવું ઘણા શાસ્ત્રોમાં લખાણ છે તો તે કૃત્યોમાં હિંસા થાય છે કે નહીં ?

૫ વળી શ્રીપુજ્યજી કહે છે કે " આ અંધપરંપરાનો અંધ માર્ગ છે " તો હવે એમાં એ સવાલ ઉત્પન્ન થાય છે કે ' હાલમાં ઉત્તરમાં પંજાબ દેશથી માંડીને દક્ષિણ દેશ સુધીમાં પ્રાયઃ સર્વત્ર એ રીવાજ ચાલે છે તો એ અંધ પરંપરા છે એમ કહેવાને માટે શ્રીપૂજ્યજીની પાસે શું પ્રમાણ છે ? તથા એ અંધપરંપરા ક્યારથી શરૂ થઇ છે તે શ્રીપૂજ્યજી કહી શકે તેમ છે ? " યદિ કહેશો કે ' શાસ્ત્રમાં નથી તેથી અંધપરંપરા છે ' તો વળી બીજો સવાલ ઉત્પન્ન થાય છે કે " બીજા પણ ધર્મ સંબંધી અનેક રીવાજો ચાલે છે તે શાસ્ત્રોમાં પ્રાયઃ માલમ પડતા નથી અને વર્તમાન પ્રવર્તનમાં જોવામાં આવે છે તો તેનું સમાધાન શી રીતે કરશો ? "

૬ વળી શ્રીપુજ્યજીનું કહેવું એવું થયુ કે " આશ્રવના હેતુ તે કેવળ બંધના કારણ છે. " તો તે કયા શાસ્ત્રના આધારથી કહે છે. ? કારણકે જૈનમત અનેકાંત સ્યાદ્વાદશૈલીથી ભરપુર છે તો તેમાં એકાંત સ્થાપન કરવું તે યોગ્ય માલમ પડતું નથી. તથા શાસ્ત્રોમાં એવું પણ લખાણ છે કે " जे आसवा ते परिसवा जे परिसवा ते आसवा " માટે એકાંત પક્ષ અંગીકાર કરવો તે ઠીક નથી.

૭ વળી શ્રીપૂજ્યજી કહે છે કે " શ્રાવકો ઘાંચી વિગેરે લોકોની હિંસા બંધ કરાવે છે તો નાળીયેરની હિંસા કેમ કરે ? " આ કહેવા પ્રમાણે જો એ કાર્યમાં હિંસાજ કેવળ માનીએ તો પર્યુષણપર્વમાં સાધર્મી વાત્સલ્યાદિક કાર્ય કરવાનું શાસ્ત્રોમાં જે કથન કરેલું છે તે પણ ન કરવા જોઇએ. કારણ કે તેમાં તો ષટ્કાયની હિંસા થાય છે. પરંતુ એમ હિંસા માનીને ધર્મોન્નતિનું કામ છોડવું તે વિચારવાન પુરૂષોને યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ શ્રી પૂજ્યજી કહે છે કે " એકેંદ્રીની હિંસા કરવી તે મિથ્યાત્વની કરણી છે " તો કયા શાસ્ત્રના આધારથી કહે છે ? કારણ કે દેશ વિરતી શ્રાવકથી સર્વથા હિંસા છુટતી નથી અને છુટે તો પછી તે સાધુની પંક્તીમાંજ ગણાય. વાસ્તે ' નાળીએરના એકેંદ્રિય જીવની હિંસા તે મિથ્યાત્વની કરણી છે ' એમ કહેવું તે વગર વિચારનું માલમ પડે છે.

૯ વળી તેઓ ' ઉપાશ્રયના સ્થળમાં ઉપદેશકના સમક્ષ શ્રીફળ ફોડાય છે ' એમ કહીને તેનું અઘટીતપણું દર્શાવે છે પરંતુ એ લખાણ ઉપર એવો સવાલ ઉત્પન્ન થાય છે કે ' પર્યુષણપર્વમાં કલ્પસુત્ર વંચાય છે તે વખતે ધુપદીપક આદિ કરવામાં આવે છે તો તે પણ ઉપદેશકની આગળ ઉપાશ્રયમાં ન થવું જોઇએ. પરંતુ શાસ્ત્રોમાં તો ઠેકાણે ઠેકાણે ધુપ દિપકાદિ કરવાનું લખેલું છે. હવે જો એકેંદ્રીય જીવની હિંસા તે મિથ્યાત્વની કરણી માનીએ તો શાસ્ત્રકારોનું કથન શા કામમાં આવશે ? વળી ધુપદિપકાદિમાં તો એકેંદ્રી શિવાય પણ અન્ય જીવોના નાશનો સંભવ છે તો તેનું શું કરવું ?

૧૦ વળી તેઓ કહે છે કે " નાળીએર ફોડી એકેંદ્રી જીવની હિંસા કરીને ખુશી માનવી તેથી નિકાચિત કર્મનો બંધ થાય છે " તો એમાં પણ એ સવાલ ઉત્પન્ન થાય છે કે ' પૂજા, રથયાત્રા, સ્વામીવચ્છળ, ચૈત્ય પરિપાટી, સૂત્રપૂજા, સ્વપ્ન મહોત્સવાદિ કાર્યો કરીને પાછળથી ઘણી અનુમોદના કરાય છે તો તેથી તો ઘણા નિકાચિત કર્મોના બંધન થવા જોઇએ. પરંતુ આ સર્વ સમજવું વિચારવું છે. કારણ કે પૂર્વોક્ત કામ કરવાવાળાની ભાવના પ્રભુ ભક્તિ, જ્ઞાન ભક્તિ, સાધર્મી ભક્તિ આદિમાં હોય છે તેથી તેઓને સર્વથા હિંસાનું ફળ થતું નથી. તો ભગવાનના જન્મોચ્છવની ખુશાલીથી સર્વથા હિંસાનુંજ ફળ થાય એમ કહી શકાય નહીં.

૧૧ ' પર્યુષણ પર્વમાં સર્વથા લીલોતરી ત્યાગ કરવાનો રીવાજ છે ' એમ પણ સાર્વત્રીક કહી શકાતું નથી. કારણ કે વાર્ષીક પર્વના ૧૧ કૃત્યોમાં સાધર્મી વાત્સલ્યનામા કૃત્ય છે તેના વર્ણનમાં લખેલ છે કે ભોજન પછી તાંબુલાદિ આપવા. તથા શાસ્ત્રોમાં એમ પણ લખેલ છે કે સર્વથા સાધર્મી વાત્સલ્ય કરવાની શક્તિ ન હોય તો સોપારી માત્રથી પણ સાધર્મી વાત્સલ્ય કરવું.

૧૨ વિશેષ તમોએ લખ્યું છે કે " ગુજરાતમાં ૨૫–૩૦ ગામમાં

For Private And Personal Use Only

બંધ થઇ ગયેલ છે " તો તે કયા કયા ગામોમાં બંધ થયેલ છે તે અ-મી જણાવશો તથા સુરતમાં જૈન પત્રીકા નામે એક છાપું નીકળે છે તેમાં છપાવીને પ્રસિદ્ધ કરશો જેથી સર્વ જગ્યાના સાધુ શ્રાવકોની સઘળી જ-લદીથી તમોને મળી શકશે.

૧૩ તમારો કાગળ જાહેર થવાને આવવાથી અમને મોડો મળ્યો છે તેથી હવે પછી કાગળ લખો તે નીચેના સરનામાથી લખજો.

દેશ પંજાબ. જીલા અમૃતસર, ગુરૂકા જંડીઆલા

ભાવડા. હમીરચંદ ઝંડામલની દુકાન ઉપર.

મિતિ. સંવત. ૧૯૪૯ ના શ્રાવણ શુદી. ૭ વાર ગુરૂ.

**દા. મુનિ. વલ્લભ વિજયના ધર્મ લાભ વાંચજો.**

બીજો પત્ર હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી

---

# संबोधसत्तरी

અનુસંધાન પૃષ્ટ ૧૧૭ થી.

૯ નવમી પ્રેષ્ય વર્જન પ્રતિમા—પૂર્વોક્ત આઠે પ્રતિમાના આરાધન સંયુક્ત નવ માસ પર્યંત એની સ્થિતિ છે. તેમાં ઘરનો કારભાર બધો પુ-ત્રાદિકને સ્વાધિન કરે. સેવકાદિકની પાસે પણ આરંભ કરાવે નહીં. કોઇ પ્રકારના આરંભની પોતે આજ્ઞા ન કરે.

૧૦ દશમી ઉદ્દિષ્ટ વર્જન પ્રતિમા—પોતાને અર્થે-ઉદ્દેશે કરેલો આહાર પોતે ન વાપરે. જ્યારે આ પ્રમાણે ત્યાગ કરે ત્યારે પછી બીજા આરંભ કરવા કરાવવાનું તો શું પુછવું ? તેનો તજ કરે અને તજ કરાવે. એની સ્થિતિ પાછલી નવે પ્રતિમાના આરાધન યુક્ત દશ માસની જાણવી. તે મસ્તક મુંડિત રાખે અથવા સહજ ચોટલી રાખે. આ પ્રતિમાનો ધારક જો ભૂમિકાદિકમાં પ્રચ્છન્ન દ્રવ્ય રાખેલ હોય અને તે સંબંધી પુત્રાદિ પુ-છે તો તે કહે, કેમકે જો ન કહે તો પુત્રાદિકની વૃત્તિ (આજીવીકા) નો છેદ થાય. ન જાણતો હોય તો ના કહે.

૧૧ અગ્યારમી શ્રમણભૂત પ્રતિમા—અગ્યાર માસની જાણવી. એ પ્રતિમાધારક ક્ષુર મુંડિત પણ હોય અને લોચ કરનાર પણ હોય, બન્નેમાંથી એક પ્રકારે મુંડિત થઈને સાધુના સમસ્ત ઉપગરણો રજોહરણ, મુખવસ્ત્રીકા, પાત્રાદિક ધારણ કરતો થકો, યતિની પેઠે સમસ્ત અનુષ્ઠાન કરતો. સમિતિ ગુપ્ત્યાદિક પાળતો થકો વિચરે. ભિક્ષાને અર્થે ગૃહ કુલાદિકમાં જાય અને ' પ્રતિમા પ્રતિપન્ન શ્રાવકને ભિક્ષા આપો ' એ પ્રમાણે બોલે. ૪૨ દોષ રહિત આહાર ગ્રહણ કરે. કોઈ પુછે તો કહે કે 'હું પ્રતિમા પ્રતિપન્ન શ્રાવક છું એવી રીતે ગ્રામ નગરાદિકને વિષે ૧૧ માસ પર્યંત વિચરે. વિહારનો ક્રમ માસ કલ્પે કરે. તેમને હજુ મમકારનો વિચ્છેદ થયો નથી એટલે સ્વજનાદિક ઉપર મમત્વ ભાવ છે તેથી કદી સ્વજનાદિકને ત્યાં જાય ખરો પરંતુ સ્વજનાદિકનો આગ્રહ છતાં ગ્રહચિંતા કરે નહીં તેમ સ્વજનના સ્નેહ કરીને પણ અનેષણીય આહાર આગ્રહ છતાં પણ ગ્રહણ કરે નહીં.

આ પ્રમાણે અગ્યાર પ્રતિમાનું સાડાપાંચ વર્ષે આરાધન કરે. એમ શ્રીઉપાસગ દશાંગ સૂત્રમાં કાળમાન કહેલું છે: જઘન્યથી તો પ્રત્યેક પ્રતિમા અંતરમુહૂર્ત કાળમાન છે પરંતુ તે મરણ સમયે અથવા પ્રવ્રજિતને હોય. અન્યથા એ પ્રમાણે ન સમજવું.

ઉપર પ્રમાણે ૧૧ પ્રતિમાનું આરાધન કર્યા પછી પાછો ગૃહસ્થાવાસમાં આવે. ચારિત્ર ગ્રહણ કરે એવો નિશ્ચય નથી પરંતુ એવા ઉચ્ચ ભાવને પામેલ પ્રાણી પછી સંસારના અનિત્ય સ્વરૂપને વિષે કદી પણ રક્ત થાય નહીં. ઇતિ ૭૯ મી ગાથાનો ભાવાર્થ:

એ પ્રમાણેની પ્રતિમાનું આરાધન કરનાર શ્રાવક પ્રતિ દિવસે શું શ્રવણ કરે તે આશ્રયીને કહે છે કે—

**संपत्त दंसणाइ, पइदियहं जइजणाओ निसुणेइ ॥**
**सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥ ८० ॥**

અર્થ—સંપ્રાપ્ત કર્યું છે દર્શન—સમ્યક્ત્વ જેણે અર્થાત્ સંપૂર્ણ થયા છે દર્શનાદિ પ્રતિમા જેમને એવો શ્રાવક પ્રતિ દિવસ ( હરરોજ ) યતિજનની પાસે પરમ ઉત્કૃષ્ટ એવી સમાચારીને સાંભળે. નિશ્ચે તે પુરૂષને તીર્થંકર ભગવંત શ્રાવક કહે છે. ૮૦

ભાવાર્થ—પ્રતિમાનું વહન કર્યા પછી નિરંતર ગુરૂમહારાજની સમિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પે નિર્ગ્રંથ મુનિ મહારાજને આચરણ કરવાને માટે માર્ગ દર્શક છે. શ્રમા- ચારી તેનું નિરંતર શ્રવણ કરે. એટલે મુનિ માર્ગના વિવિધ પ્રકારના સ્વ- રૂપને સાંભળે. જેથી તેના શુભ ભાવ નિરંતર વૃદ્ધિ પામ્યા કરે અને ચા- પકલ બન્યું રહે. તીર્થંકર ભગવંતે સમકિતી શ્રાવકની નિરંતરની કરણી એ પ્રકારનીજ બતાવેલી છે કારણકે શ્રાવક ગુરૂ મહારાજનો યોગ હોય તે વા ક્ષેત્રમાંજ પ્રાયે નિવાસ કરે અને ગુરૂની જોગવાઇ સતે દરરોજ તેમની સમિપે જઈ યથાવિધિ વંદનાદિ કરીને બેસે ત્યારપછી શ્રી જિનેશ્વર ભગવંતે ઉપદેશ કરેલા બે પ્રકારના દેશ વિરતી સર્વ વિરતી ધર્મને શ્રવણ કરે. પ્રા- તઃકાળના શ્રાવકનાં કૃત્યમાં દેવવંદન અને ગુરૂવંદન કરવું એ મુખ્ય છે. ગુરૂ મહારાજની જોગવાઈ સતે જેઓ ગુરૂવંદન કરવા દરરોજ જતા નથી તેઓનો ધર્મારાધનમાં પ્રત્યક્ષ રીતે અનાદરજ દ્રષ્ટિગત થાય છે. અને દેવ- પૂજાદિ અન્ય કૃત્ય કરતો હોય તોપણ ચિત્ત નિર્મળતાને માટે ગુરૂવંદન ક- રવા જવું, ગુરૂ મહારાજનો ઉપદેશ વ્યાખ્યાન દ્વારા અથવા સાધારણ પ્ર- કારે શ્રવણ કરવો, ગુરૂ સમિપે સામાયક કરવું આ કારણોની વિશેષ મુ- ખ્યતા છે. જેઓએ એ દ્વાર તજી દીધું છે અથવા શિથિળ કરી દીધું છે તેઓને સંસારની અસારતાના ચિંતવનને માટે પ્રબળ કારણ નાશ પામે છે અને તેથી તેઓ સાંસારિક વિષયોમાં રચ્યા પચ્યા રહે છે. જો નિરંતર ગુરૂ મહારાજ સમિપે જવાની પ્રવૃત્તિ હોય છે તો વૈરાગ્ય વૃત્તિનું ભાન આવે છે. ખરૂં સાધન જ્યારે આવી દશાની પ્રાપ્તી થશે ત્યારેજ થઈ શક- શે એવું સ્મરણમાં આવે છે અને ગુરૂભક્તિ જે કે મહાન્ પુણ્ય બંધની હેતુભૂત છે તે યથા શક્તિ કરવાનું દિલમાં આવે છે. માટે દરરોજ શ્રાવક નામ ધરાવનારે અવશ્ય ગુરૂવંદન કરવા માટે મુનિમહારાજ રહેલા હોય તે સ્થાનમાં જવું. એ પ્રમાણે નિરંતર ગમન કરવાથી ચારિત્ર ધર્મની જરૂરી- આત તેના મનમાં વસે છે અને જ્ઞાન પ્રાપ્તિની સાથે ચરણ ધર્મ મેળવવાને પણ ઉદ્યમવંત થાય છે કેમકે શાસ્ત્રકારે ચારિત્ર ધર્મ રહીત માત્ર જ્ઞાનીને સદ્દગતિના ભાજન કહ્યા નથી. આવા ભાવાર્થવાળી આ પદની ગાથા શાસ્ત્રકારે કથન કરી છે તે નીચે પ્રમાણે—

અપૂર્ણ.

For Private And Personal Use Only

# प्रतिक्रमण.

અનુસંધાન પૃષ્ટ ૧૧૫ મે થી.

રાત્રી પ્રતિક્રમણ ઠાયા પછી શક્ર સ્તવ કહેવા પર્યંત હેતુ પ્રથમ બતાવેલ છે. ત્યાર પછી દ્રવ્યથી અને ભાવથી ઉઠીને **કરેમિભંતેસામાઇય** પ્રમુખાદિ સત્ર પાઠ પૂર્વક ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારના અતિચારની વિશુદ્ધિને અર્થે અનુક્રમે ત્રણ કાયોત્સર્ગ કરે. પહેલા કાયોત્સર્ગમાં એક ચતુર્વિંશતિ સ્તવ, બીજામાં પણ એક ચતુર્વિંશતિ સ્તવ અને ત્રીજામાં રાત્રીના અતિચારો ચિંતવે. અહિંયાં પૂર્વોક્ત યુક્તિએ કરીને ચારિત્રાચારનું સામાયિક આચાર થકી વિશેષપણું હોવા છતાં પણ તેના કાયોત્સર્ગમાં એકજ લોગસ્સનું ચિંતવન કહ્યું છે તે રાત્રીને વિષે પ્રાયે અલ્પ વ્યાપારી પણું હોવાથી ચારિત્રાચારના અતિચારનું ઓછાપણું હોવાને કારણે સમજવુ ત્યાર પછી કાયોત્સર્ગ પારીને સિદ્ધસ્તવ કહી સંડાસા પ્રમાર્જન કરીને બેસે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે—પ્રાભાતિક પ્રતિક્રમણમાં પ્રાદોષિક પ્રતિક્રમણની જેમ પહેલા ચારિત્રાચારના અતિચારની વિશુદ્ધિ નિમિત્તના કાયોત્સર્ગને વિષેજ નિશાતિચારનું ચિંતવન શા માટે ન કરવું ? ગુરૂ ઉત્તર આપે છે કે—પ્રથમ કાયોત્સર્ગને સમયે નિદ્રાભિભુતપણું હોવાથી ભલે પ્રકારે અતિચાર સાંભરતા નથી, તેથી અતિચારોનું ચિંતવન ત્રીજા કાયોત્સર્ગમાં કરવું એજ યોગ્ય છે. ગુરૂ વંદન પણ અંધકાર છતાં કરવાનું નથી કેમકે અંધકારમાં અન્યોન્ય સંઘટ્ટ થઇ જાય તેમજ એક બીજાને—ગુરૂ શિષ્યને પરસ્પર ન દેખવાથી મંદ શ્રદ્ધાપણું ઉત્પન્ન થાય. તેથી તે પણ પ્રત્યુષકાળે કરવું ઘટીત છે.

એ ત્રીજા કાયોત્સર્ગમાં મુનિ **सयणासणन्नपाणे॰** એ ગાથા વિચારે અને શ્રાવક **नाणंमिदंसणंमिअ॰** ઇત્યાદિ આઠ ગાથા ચિંતવે.

સિદ્ધાણં બુદ્ધાણં કહ્યા પછી મુહપત્તી પડીલેહીને પૂર્વવત, ( દેવસીક પ્રતિક્રમણવત્ ) વાંદણાદેવા વિગેરેનો વિધિ વંદીતા સૂત્ર પછીના પ્રથમ કાયોત્સર્ગ પર્યંત કરે. એટલે એ બધી વિધિ દેવસીક પ્રતિક્રમણ પ્રમાણે સમજવી.

પૂર્વે ચારિત્રાચાર વિગેરે આચારોની પ્રત્યેકની વિશુદ્ધિને અર્થે પૃથક્ પૃથક્ કાયોત્સર્ગ કર્યા છતાં સાંપ્રત તે સર્વે આચારોના પ્રતિક્રમણવડે અશુદ્ધ રહેલા અતિચારોની એકત્ર શુદ્ધી કરવાને નિમિત્તે આ કાયોત્સર્ગ સમજવો. આ કાયોત્સર્ગને વિષે શ્રી વીર ભગવંતનો કરેલો પણ્માસીક તપ

ચિંતવવાનો છે. શ્રી ઋષભદેવ ભગવંતને વારે ઉત્કૃષ્ટ વરસી તપ, મધ્યના ૨૨ તીર્થંકરોને વારે આઠ માસી તપ અને વીર ભગવંતને વારે ઉત્કૃષ્ટ છ માસી તપ સમજવો. એ કાયોત્સર્ગમાં તપ ચિંતવન આ પ્રમાણે સમજવું "શ્રી વર્દ્ધમાન સ્વામીનું તીર્થ વર્તતે સતે હે જીવ ! શ્રી વર્દ્ધમાન સ્વામીના કરેલા પણમાસિક તપને તું કરી શકીશ—કરવાને શક્તિમાન છું ? આવા પ્રશ્નનો ઉત્તર મનમાં ચિંતવે કે શક્તિમાન નથી. પછી અનુક્રમે એક એક ઉપવાસની હાની કરતો વિચારે. યાવત પાંચ માસ પછી બીજા મહીનાની હાની વિચારે. અને એક માસ પછી એક દિન ઉણા માસખમણ, બે દિન ઉણું માસખમણ એમ ચિંતવે. સોળ ઉપવાસથી તેર દીન ઉણું માસખમણ પછી(!) ચોત્રીશ ભક્ત, બત્રીશ ભક્ત, અઠાવીશ ભક્ત, એમ ચોથ ભક્ત પર્યંત ચિંતવે. એક ઉપવાસ પછી આયંબીલ, નીવી, એકાસણું, બીયાસણું, અવડ્ઢ, પુરિમડ્ઢ, સાઢ પોરીસી, પોરિસી, નવકારસી પર્યંત ચિંતવે. તેમાં જ્યાં સુધી કરવાની શક્તિ હોય અર્થાત્ કરેલ હોય ત્યાં સુધી આવે ત્યારથી એમ વિચારે કે શક્તિ છે પણ પ્રણામ નથી. પછી ત્યાંથી ઘટતાં ઘટતાં જે પચ્ચખ્ખાણ કરવું હોય ત્યાં સુધી આવતાં અટકે અને વિચારે કે શક્તિ પણ છે અને પ્રણામ પણ છે. આ પ્રમાણે વિચાર કરી મનમાં નિશ્ચય ધારણ કરીને કાયોત્સર્ગ પારે. આ કાયોત્સર્ગમાં કરવાનું તપ ચિંતવન જેને આવડતું ન હોય તેઓ ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરે છે. એમ પ્રવર્તન છે પરંતુ મુખ્ય વૃત્તીએ તપ ચિંતવનજ કરવાનું છે.

કાયોત્સર્ગ પારી, લોગસ્સ કહીને પછી મુહપત્તી પડીલેહી વાંદણા દઇને પૂર્વે મન ચીંતીત પચ્ચખ્ખાણ કરે. ગુરૂ સમીપે પચ્ચખ્ખાણ કરતાં હોય ને ગુરૂ પચ્ચખ્ખાણ ઉચ્ચરાવે તો છ આવશ્યકમાં "પચ્ચખ્ખાણ કર્યું છે જી" એમ કહે અને ગુરૂ મહારાજ વિના પ્રતીક્રમણ કરતા હોય તો, પચ્ચખ્ખાણ ધારે અને "પચ્ચખ્ખાણ ધાર્યું છે જી" એમ કહે.

ત્યાર પછી इच्छामोअणुसठ्ठीं એમ કહીને विशाललोचनदलं० પ્રમુખ ત્રણ પ્રસાદી શ્રીવીર સ્તુતિ રૂપ ત્રણ ગાથા બોલે. પણ મૃદુ શબ્દવડે બોલે. ઉચ્ચેસ્વરે ન બોલે. એ ત્રણ ગાથા વડે લઘુ ચૈત્યવંદના સમજવી.

પ્રભાતના અને સાંઝના એમ બંને પ્રતિક્રમણમાં પ્રારંભે અને અંતે મંગળીકને અર્થે ચૈત્યવંદન હોવા છતાં સવારે છ આવશ્યક પછી અને સાંજે પ્રતિક્રમણના પ્રારંભમાં વિસ્તર દેવ વંદન કરવાનું પ્રવર્તન છે તે વિશેષ મંગળીકને અર્થે સમજવું અને તે દેવ વંદન કાળવેળા પ્રતિબદ્ધ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવું. એ શિવાય બીજા કારણોએ પણ યથાગમ પ્રમાણે સ્વયમેવ જાણી લેવા,

આ રાત્રી પ્રતિક્રમણ આખું મંદસ્વરાદિકજ કરવું. રાત્રીક પ્રતિક્રમણ-જ [illegible] કરવું એમ નથી પરંતુ રાત્રીએ ઉંચે સ્વરે શબ્દ કરવો, ઉધરસ ખાવી. હુંકાર કરવા, ખોંખારા ખાવા તેનો પણ નિષેધ છે. કેમ કે એ [illegible] ઉંચે સ્વરે કરવાથી જાગૃત થએલી ગરોળી વિગેરે હિંસક જીવો માંખી વિગેરેનો ઉપદ્રવ કરવાનો આરંભ કરે છે અને પાડોશમાં રહેનારાઓ પણ જાગતા થઇને પોત પોતાના કાર્યમાં પ્રવર્તે છે. ધોબી ધોવા જાય છે. [illegible], કુંભાર માટી ખોદવા જાય છે અને બીજા પણ [illegible], ખેડવું, પાણી ભરવા જવું. ઘર સાફ કરવું વિગેરે આરંભના કાર્યમાં લોકો પ્રવર્તે છે આ સર્વેના ને ઉત્પન્ન કરનાર કારણીક થાય છે [illegible] નિરર્થક એવા અનેક દોષ પ્રવર્તમાન થાય છે

આ પ્રમાણે કર્યું છે રાત્રીક પ્રતિક્રમણ જેણે એવા સાધુ અને કૃત પૌષધ શ્રાવક બે ખમાસમણ દેવે કરીને **વહુવેલંસંદિસામિ** અને **વહુવેલંકરેમિ** એ પ્રમાણે આદેશ માગે. એ આદેશ માગવાનો તાત્પર્ય એવો છે કે—મુનિએ સર્વ કાર્ય ગુરૂ મહારાજને પુછીને કરવા યોગ્ય છે. તેથી આખા દિવસમાં નાના નાના દરેક કાર્યોમાં વારંવાર પુછવાનું બનવું અશક્ય હોવાથી એ પ્રમાણેના બે ખમાસમણ દઇને તે તે લઘુ કાર્ય કરવા સંબંધી શ્રી ગુરૂ મહારાજની અનુમતિ મેળવી રાખે છે. બહુ વેળા સંબંધીત કાર્યોને માટે આજ્ઞા માગવાની હોવાથી **વહુવેલંસંદિસામિ** એમ બોલવાનું છે. આ શિવાય બીજું પણ યથાગમ પ્રમાણે વિચારી લેવું. કહ્યું છે કે " કૃત્ય કૃત્યને ગુરૂ મહારાજજ જાણે છે તેથી, તેમજ વિનય પ્રતિપત્તિને માટે તેમને પુછ્યા શિવાય શ્વાસ મુકવા લેવાનું પણ પ્રતિષેધ કરેલુ છે. "

પુર્વોક્ત વિધિ અને હેતુ પ્રમાણે પચ્ચખ્ખાણ કર્યા પછી વિશાળલોચન કહી ચાર સ્તુતિવડે વિસ્તર દેવવંદન કર્યા પછી ચાર ખમાસમણ વડે શ્રી ગુર્વાદિકને વંદન કરે. અને શ્રાવક અડ્ઢાઇજ્જેસુ બોલે. ત્યારપછી શ્રી વિહરમાન જિનનું અને શ્રી સિદ્ધાચળજીનું ચૈત્યવંદન કરવાનું પ્રવર્તન છે તે સમાચારી પ્રમાણે સમજવું. તેમજ સામાયકની બે ઘડીનો કાળ સંપૂર્ણ કરવા માટે પણ જાણવું.

એ પ્રમાણે પ્રતિક્રમણ કરી રહ્યા પછી મુનિ પ્રતિલેખના કરે તેની વિધિ પ્રગટ છે.

આ પ્રતિક્રમણને વિષે પણ પંચવિધ આચારની વિશુદ્ધિ પૂર્વવત્ સમજી લેવી.

## ઇતિ રાત્રીક પ્રતિક્રમણ ક્રમવિધિ.

For Private And Personal Use Only

# वर्तमान चरचा.

## શ્રી પાલીતાણામાં મહોત્સવ.

ચતુર્માસ રહેલા શ્રાવક સમુદાય માંહેના મુખ્ય મુખ્ય ગૃહસ્થોએ મળી ને એક ટીપ કરીને શેઠ આણંદજી કલ્યાણજીને કારખાને સોંપવા ઠરાવી છે તેમાંથી કરવા ધારેલા ખર્ચને અનુસરીને શેઠ મોતીચંદ અમરચંદની નવી ધર્મશાળામાં એક સુશોભીત મંડપની રચના કરી છે તેમાં શ્રી શત્રુંજય, ગીરનારજી, સમ્મેતશિખરજી, અષ્ટાપદજી તથા મેરૂશિખરની જુદી જુદી રચના કરવામાં આવી છે. કુંભ સ્થાપનાનું મુહુર્ત શુદિ ૭ બુધવારનું છે, પ્રતિમાજી પધરાવીને મહોત્સવ શરૂ કરવાનું મુહુર્ત શુદિ ૧૧ રવીવારનું છે, મહોત્સવ સંબંધી વરઘોડા શુદિ ૧૪-૧૫ અને વદી ૧-૨ એમ ચડનાર છે અને છેવટે શાંતિસ્નાત્ર કાર્તિક વદિ ૫ સોમવારને દિવસે ભણાવવાનું છે. મહોત્સવ બહુ સુંદર થવાનો છે તેમજ આગળ કાર્તિકીના મુખ્ય દિવસો ઉપરજ થવાનો હોવાથી દેશી પરદેશી અનેક યાત્રાળુઓ લાભ લેશે એવો સંભવ છે. હાલમાં દરવર્ષે એ પ્રમાણે કાર્તિકીના સમય ઉપર મહોત્સવ થતો હોવાથી યાત્રાળુઓને બેવડો લાભ મળે છે અને દેવ દ્રવ્યની વૃદ્ધિ પણ સારી થાય છે.

## શ્રી લીંબડીમાં નવો બનાવ.

શ્રી લીંબડીમાં આ વર્ષે મુનિરાજ શ્રી હેમવિજયજી તથા મુનિરાજ શ્રી ધર્મવિજયજી ચતુર્માસ રહેલા છે. તેમના ચતુર્માસ રહેવાથી ધર્મનો ઉદ્યોત સારો થયો છે. પાવાપુરીની રચના કરાવીને મહોત્સવ પણ સારો કરવામાં આવ્યો છે. હાલમાં ત્યાંના ગામમાં રહેનાર ઢુંઢીઆના સાધુ દરગોવનજી પોતાના ગુરૂની સાથે જિન પ્રતિમા સંબંધી કેટલાએક વાદવિવાદ કરીને છેવટે તેમનો પક્ષ તજી દઇને તેમણે તપગચ્છમાં દિક્ષા ધારણ કરી છે. મુનિ ધર્મવિજયના શિષ્ય થયા છે. નામ મુનિ હિતવિજયજી પાડવામાં આવ્યું છે.

## શ્રી જુનેર જૈન વિદ્યાશાળામાં બક્ષીશ.

શ્રી એવલાવાળા શા ચુનીલાલ મગનદાસે ઊપર જણાવેલી જૈનશાળામાં શ્રી જૈન તત્વાદર્શ વિગેરે ૧૪ બુક રૂ ૨૫ ની કિંમતની બક્ષીશ આપી છે બીજા ગૃહસ્થોએ પણ આવો દાખલો લેવાની જરૂર છે જેથી પોતાના દ્રવ્યનો ખરેખરા સન્માર્ગે વ્યય કરેલો ગણાશે અને એવી રીતે બક્ષીશ કરેલા પુસ્તકોનો અનેક જૈનબંધુઓ લાભ લેશે તેના ભાગીદાર તેઓ થશે. શાસ્ત્રકારે જ્ઞાન દાન મહા લાભકારક કહ્યું છે, પુસ્તકો બક્ષીશ આપવા તે જ્ઞાનના ઉપગરણરૂપ હોવાથી જ્ઞાન દાનજ છે. જેથી તે સર્વે શુભ જૈનબંધુઓને કરવું ઉચીત છે.